# પાટીદારોના આઠ કેસ પૈકી પાંચ પાછા ખેંચાયા

રાજ્ય સરકાર અને પાટીદારો સાથે થયેલી વાત બાદ હવે સરકારે પાટીદાર સમાજ પર લાગેલા કેસો પાછા ખેંચવાની તજવીજ કરી છે. જેમાં પાટીદાર સમાજના મહેસાણામાં ૮ કેસ હાલમાં પાછા ખેંચાઈ ગયા હોવાનું પાટીદાર અગ્રણી એ.કે. પટેલે જણાવ્યું હતું. તો લાલજી પટેલે આ સમગ્ર મામલે હાલમાં તો મુદત અમો બધા ભરી રહ્યા છીએ તે જોતા પાકી મુદતે અમો સમજી શું કે સરકારનું વલણ સારૂ છે.

પાટીદાર સમાજ માટે હાલમાં ખુશીના સમાચાર મળી રહ્યા છે. છેલ્લી બેઠકમાં પાસ, એસ.પી.જી. અને પાટીદાર ધાર્મિક સંસ્થાઓ દ્વારા સરકારની થયેલી વાતોમાં સરકારે કુણુ વલણ અપનાવ્યું છે. જેમાં પાટીદાર સમાજમાં આંદોલન સમયે થયેલા કેસમાં મહેસાણાના જેલ ભરો સહિતના તમામ કેસો હાલમાં સરકાર પાછા ખેંચી રહી છે. જેમાં મુખ્ય ૮ કેસમાં ૩ કેસ હાલમાં બાકી છે. અને ૫ કેસ પાછા ખેંચાયા હોવાનું જાણવા મળી રહ્યું છે. જેમાં મહેસાણા સહિત વિસનગરના લૂંટ સહિત તોડફોડ અને આગ ચંપી જેવા કેસ પાછા ખેચાયા છે.

વિસનગરમાં સ્થાનિક ધારાસભ્યના કાર્યાલયની તોડફોડમાં એક કંપનીના પત્રકારે ફરિયાદ આપી હતી જે કેસ હાલમાં પાછો ખેંચાયો નથી અને એક બસ સહિત સ્થાનિક ધારાસભ્યના વાહન પર થયેલા હૂમલાના કેસ પાછો ખેંચાયો નથી અને તે કેસ હાલમાં હાઈકોર્ટમાં છે જેથી આ બાબતે તજવીજ થઈ રહી છે. જોકે હાલમાં પાટીદાર સમાજ આગામી ચૂંટણીમાં તેનો શુ જવાબ આપશે તે બાબતે હાલમાં પાટીદાર અગ્રણી એ.કે. પટેલે જણાવ્યું હતું કે આ સમગ્ર મામલે પાટીદાર સમાજ સમજણો છે જે મતદારોનો મિજાજ હશે તે પગલા ભરશે. કેસ પાછો ખેંચાતા હાલમાં આ સમગ્ર મામલે પાટીદારોમાં ખુશી છે. જ્યારે પાટીદાર સમાજના લાલજી પટેલે આ સમગ્ર મામલે અમોને કોર્ટમાં હાજર થવુ પડી રહ્યું છે. જ્યારે કેસ પાછા ખેંચાશે તેવું કોર્ટ કેશે તો જ અમો માનીશુ.



**અરવલ્લી જિલ્લાના ૪૦૦ પસંદ પામેલા રમતવીરોનો શારીરિક ક્ષમતા ટેસ્ટ યોજાયો**

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જિલ્લામાંથી રમત ગમતમાં વિજેતા પામેલા ૪૦૦ ખેલાડીઓની શારીરિક ક્ષમતા પરીક્ષણ જિલ્લા રમત-ગમત યુવા સાંસ્કૃતિક વિભાગ અને જિલ્લા સિનિયર કોચ કચેરીના સહયોગથી યોજાયો હતો. આ શારીરિક ક્ષમતા ટેસ્ટમાં પસંદગી પામનાર ખેલાડીઓને ગુજરાત રાજ્ય કક્ષાના શારીરિક ટેસ્ટમાં મોકલવામાં આવશે અને તેમાં પસંદગી પામેલ ખેલાડીઓને ગુજરાતની સ્કૂલમાં ભાગ લેશે અને ૨૯ જેટલી જેટલી સ્પોર્ટ્સ ઈવેન્ટ માટે તૈયાર કરવામાં આવશે તેમ આયોજકો દ્વારા જણાવાયું હતું. રમત ગમતના વિધાર્થીઓ પસંદગી પામવા માટે મેદાનમાં ભારે મહેનત કરતા નજરે પડ્યા હતા અને કામગીરીની સરાહના કરી હતી.

## કોંગ્રેસના કેન્દ્રીય નેતા ઈર્શાદ બેગ મીરઝાનું લાંબી માંદગી બાદ મોડાસામાં નિધન

મોડાસા, તા.૧૫

અરવલ્લી જિલ્લામાં મોડાસાના વતની અને કોંગ્રેસના કેન્દ્રીય નેતા ઈર્શાદ બેગ મીરઝાનું આજે વહેલી સવારે લાબી માંદગી બાદ મોડાસા



ખાતે તેમના નિવાસ સ્થાને નિધન થયું હતું. તેઓ ૬૮ વર્ષના હતાં. એક અદના કાર્યકર્તાથી છેક દિલ્હી સુધી રાજયસભાના સભ્ય સુધી પહોંચેલા ઈર્ષાદ મિર્ઝા આગવા વક્તવ્ય માટે જાણીતા હતા. તેઓ છેલ્લા એક મહિનાથી હૃદયરોગથી બીમાર હતા.

કોંગ્રેસના આ પીઢ આગેવાનના નિધનથી અરવલ્લી જિલ્લામાં શોકનો માહોલ છે. તેમના નિધનથી મોડાસા જ નહીં પણ જિલ્લો અને રાજ્ય એક સક્ષમ નેતા ગુમાવ્યા છે, કોંગ્રેસને પણ આ નેતાની ખોટ સાલશે.

## મોડાસાની જલદીપ સોસાયટીમાં ડેન્ગ્યુના પગલે સર્વેની કામગીરી હાથ ધરી

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લામાં ઠંડીનું



પ્રમાણ વધવાની સાથે મચ્છરજન્ય રોગચાળામાં પણ નોંધપાત્ર વધારો થતા અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. ત્યારે જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરની જલદીપ સોસાયટીમાં એકજ પરિવારના ત્રણ બાળકો શંકાસ્પદ ડેન્ગ્યુમાં સપડાતા ખાનગી હોસ્પિટલમાં સારવાર હાથ ધરી હતી. જે અંગે ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જલદીપ સોસાયટીમાં અસરગ્રસ્ત પરિવારના મકાન સહીત સોસાયટીમાં ફોંગીગ અને દવાઓનો છંટકાવ કરી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા મોડાસાની જલદીપ સોસાયટીમાં એકજ પરિવારના ત્રણ બાળકો ડેન્ગ્યુમાં સપડાતા પરિવારજનો અને સોસાયટીના રહીશોમાં ડેન્ગ્યુ નામની બીમારીએ માથું ઉચકાતા ભારે ફફડાટ ફેલાયો હતો અને પરિવારના મોભીએ ગાંધીનગર સમાચારના પ્રતિનિધિનો સંપર્ક કરતા આ અંગે ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતા જિલ્લા આરોગ્ય વિભાગ અને મોડાસા નગરપાલિકા તંત્રની ટીમે શંકાસ્પદ ડેન્ગ્યુગ્રસ્ત પરિવાર અને સોસાયટીમાં સર્વેની કામગીરી હાથ ધરી મચ્છર ઉત્પત્તિ સ્થાન પર દવાનો છંટકાવ કરી ફોંગીગની કામગીરી સાથે સર્વેલન્સ હાથ ધરાતા પરિવારજનો અને સોસાયટીના રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો અને આરોગ્ય વિભાગની ઝડપી કામગીરીની સરાહના કરી હતી.

## મોડાસામાં ૧૯મીએ જિલ્લા સહકારી સંઘનું અધિવેશન

મોડાસા, તા.૧૫

આગામી રવિવાર તા. ૧૯-૧૧-૧૭ના રોજ સવારે દસ કલાકે મોડાસામાં ડીપ પાસે, સગરવાડા, વલ્લભ સદન હોલ ખાતે અરવલ્લી જિલ્લા સહકારી સંઘનું અધિવેશન મળશે. રાજ્ય સહકારી સંઘ પ્રેરિત યોજાનાર ૬૪માં સહકાર સપ્તાહની આ ઉજવણીમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલના પ્રમુખપદે યોજાનાર આ સમારોહનું સાંસદ દીપસિંહ રાઠોડ દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કરશે. મિલ્ક ફેડરેશન અને સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલ, સાબરકાંઠા સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા ખ.વે. સંઘના ચેરમેન જયંતીભાઈ વી. પટેલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે.

જ્યારે મોડાસા નાગરિક સહકારી બેંકના ચેરમેન અને અરવલ્લી જિલ્લા સહકારી સંઘના ડિટેક્ટર વિનોદચંદ્ર શાહ સહિતના આગેવાનો અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેશે. જિલ્લાના તમામ તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન-સેક્રેટરીઓ, તાલુકાની શરાફી મંડળીઓ, ક્રેડિટ સોસાયટીઓ, સહકારી જીનો, સહકારી બેંકો, સંઘો, ટીચર્સ ક્રેડિટ સોસાયટીઓ વગેરે સંસ્થાઓના ચેરમેનો, મેનેજરો પણ ઉપસ્થિત રહી સહકાર સપ્તાહની ઉજવણી કરશે.

## પ્રાંતિજ ખાતે રહેતા રમુજી માણસ ડોસભાઈનુ અવસાન

**ચક્ષુદાન તથા દેહદાન કર્યું : જીવ્યા ત્યાં સુધી લોકોને હસાવતા રહ્યાં અને મૃત્યુ બાદ પણ કોઇને મદદતરૂપ થયા**

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતેરહેતા અનેપ્રાંતિજમાંનાનાથી મોટા સૌ કોઈ તેમને ઓળખતા એવા ડોસભાઈનું ૭૫ વર્ષે અવસાન થતા યાત્રા પણ કાઢવામાં આવી હતી. જેમાં તેમની ત્રણ પુત્રીઓ તથા એક ભાણી દ્વારા કાંધ આપવામાં આવ્યો હતો અને ત્યાર બાદ એબ્યુલસ મારફતે જાયન્ટ ગૃપના સહિયોગથી



ચક્ષુદાન તથા દેહદાન કરવામાંઆવ્યુ.

પ્રાંતિજ ઉડીફળી લાલ દરવાજા ખાતે રહેતા મોદી દશરથલાલ શીવરામ કે જેવો ડોસભાઈના હુલામણા નામથી જાણીતા થયેલ પોતે પોતાના બધા દુખ ભુલીને બસ બધાને હસાવતા હતા. જેવોનું ૭૫ વર્ષની ઉમરે અવસાન થતાં ચક્ષુદાન તથા દેહદાન કરવામાં આવ્યું હતુ. હિન્દુ વિધી પ્રમાણે સંગા સંબધીઓ દ્વારા ઘરની બહાર સુધી તેમની અંતિમ હિંમતનગર ખાતે તેમની બોડી મોકલી આપવામાં આવી હતી. જીવ્યા ત્યાં સુધી લોકોને હસાવતા ગયાને મોત પછી પણ ચક્ષુદાન તથા દેહદાન કરી બીજાને મદતરૂપ થયા. જેવોની અંતિમ યાત્રા વિધીમાં સંગાસંબધીઓ, સમાજના લોકો સહિત નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ તથા જાયન્ટસ ગૃપ તથા આજુબાજુ રહેતા લોકો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## મોડાસામાં ડાયાબીટોલોજીસ્ટ તબીબનું આવકારદાયક અભિયાન

**ડાયાબીટીશ દિને નિઃશુલ્ક કેમ્પ યોજી ૧૫૦ દર્દીઓનું નિદાન કરાયું**

મોડાસા, તા. ૧૪

વધતા જતા ડાયાબીટીશના મહારોગ સામે જનજાગૃતિ ફેલાવી જરૂરી સાવચેતી રાખવાના ઉદેશથી ૧૪મી નવેમ્બરે વિશ્વ ડાયાબીટીસ દિનની ઉજવણી કરાય છે. ત્યારે જતી સુગરનું પ્રમાણ લોહીમાં વધતા વ્યક્તિ ડાયાબીટીસનો શીકાર બને છે અને ડાયાબીટીશગ્રસ્ત વ્યક્તિ અન્ય રોગો સામે પણ રક્ષણ કે સુરક્ષિત રહી શકતો નથી. લોકોમાં ડાયાબીટીશ (મધુપ્રમેહ)ના રોગ નિઃશુલ્ક નિદાન કરાયું હતું. પટેલ હોસ્પિટલ દ્વારા યોજાયેલ નિઃશુલ્ક કેમ્પમાં સુગર, હાઈટ, વેઈટ અને બીએમએસના પરીક્ષણ કોઈપણ જાતના ચાર્જ વગર કરાયા હતા. ડૉ. ભાવેશ પટેલના જણાવ્યા મુજબ



મોડાસાના જાણીતા ડાયાબીટોલોજીસ્ટ તબીબે આ રોગ સામે પ્રજાને જાગૃત કરવા યોજાયેલ નિઃશુલ્ક કેમ્પનો મોડાસાના ૧૫૦થી વધુ લોકોએ લાભ લીધો હતો.

આજની અનીયમીત ભરેલ જીવનશૈલી જરૂરી પોષ્ટિક આહારનો અભાવ અને સતત માનસિક તાણ ભરેલ જીવનથી લોકો વિવિધ રોગોનો ભોગ બનતા હોય છે અને આવી જ એક ગંભીર બીમારી છે. ડાયાબીટીસ એટલે મધુપ્રમેહ. આરામભર્યા જીવનમાં મહેનત કે કસરતના અભાવથી શરીરમાં આહાર દ્વારા અંગે જરૂરી જાગૃતિ ફેલાય અને જરૂરી સુરક્ષાના પગલા ભરી શકાય તે માટે ૧૪ નવેમ્બરે વિશ્વ ડાયાબીટીશ દિન તરીકે ઉજવાયો હતો.

મોડાસાના જાણીતા તબીબ અને તામીલનાડુ, બોસ્ટન, ન્યૂયોર્ક અને સાઉથ વેલ્સ સહિતના દેશોમાંથી ડાયાબીટીશ રોગ અંગેનું વિશેષ માર્ગદર્શન અને અભ્યાસ મેળવનાર ડાયાબીટોલોજીસ્ટ ડૉ. ભાવેશ પટેલ દ્વારા આ ઉજવણી પ્રસંગે હાથ ધરાયેલા આવકારદાયક અભિયાન હેઠળ જરૂરતમંદ તમામ લોકોને વર્તમાન સમયથી સમૃદ્ધ જીવનશૈલી ડાયાબીટીસના રોગ માટે જવાબદાર છે. આ રોગને નાથવા કે થતો અટકાવવા સક્રિય જીવનશૈલી તથા સાત્વિક આહાર ફાયદાકારક રહે છે. નિયમિત કસરત, ઓછા સ્ટાર્ચયુક્ત આહાર અને માપસરનું વજન અને વ્યસનમુક્ત જીવન આવા રોગને દૂર રાખે છે. વિશ્વના અમેરિકા, યુરોપ સહિતના દેશોની ફેલોશીપ મેળવનાર આ તબીબો માત્રા આહાર, વિચાર અને વર્તનથી જ આ મહારોગથી બચવા પ્રજાજનોને હાકલ કરી જાગૃત થવા અને રહેવા અનુરોધ કર્યો હતો.



યુનિક-યુઈન્ટરનેશનલ સ્કૂલ, ઈડર સીઈઈ-સેન્ટર ફોર ઈનવાયરનમેન્ટલ એજ્યુકેશનના ઈસીઓ સ્કૂલ પ્રોજેક્ટ ઉપર કામ કરી રહી છે. જેમાં હેલ્થી લીવીંગ પ્રોજેક્ટમાં સંતુલીત આહાર લેવાની આદત વિકસાવવાનો પ્રયોગ સફળ રહ્યો છે. વાલીગણ સાથે સતત સંવાદ દ્વારા બાળકો શાળામાં ભોજન માટે રોટલી-શાક, ફળ, કઠોળ લાવે તે પ્રયોગ ખૂબ જ સફળ રહ્યો છે. પ્રિ-સ્કૂલની અંદર પણ બાળકો સંતુલીત આહાર લેતા થઈ ગયા છે. આ સાથે જમતા પહેલા સાબુથી હાથ ધોવા, ભગવાનને પ્રાર્થના કરીને જમવુ તથા વહેંચીને ખાવું વગેરે આદતો પણ વિદ્યાર્થીઓમાં વિકસી છે. બાળકો ઘરેથી થોડુ અનાજ લાવી બધુ ભેગુ કરી જરૂરિયાતમંદને વહેચવાની આદતો પણ વિકસાવી છે.



**પાલનપુરની ગણેશપુરા પ્રાથમિક શાળામાં આદર્શ મતદાન મથકનું નિદર્શન યોજાયુ**

પાલનપુરની ગણેશપુરા પ્રાથમિક શાળામાં ઉભા કરાયેલ આદર્શ મતદાન મથક ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી કમ કલેકટર આર.જે.માકડીયાની ઉપસ્થિતીમાં આદર્શ મતદાન મથકનું નિદર્શન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે અક્ષમ અને સિનિયર સીટીઝન મતદારોએ ઉપસ્થિત રહી મતદાન કેવી રીતે કરવું તેના નિદર્શનમાં ભાગ લીધો હતો. વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તટસ્થ, ન્યાયી, નિર્ભય, નિષ્પક્ષ અને મુક્ત માહોલમાં ચૂંટણી યોજાય તથા મતદાનમાં વિક્રમજનક વધારો થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. જે.માકડીયાની સુચના અને માર્ગદર્શન અનુસાર વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

### પ્રવૃત્તિના નામે મીંડુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો નથી રહી પરંતુ યોગ્ય સુવિધા પુરી પાડવામાં પણ એસ ટી નિગમ નિરસતા સેવી રહયુ છે. ડેપો સંકુલમાં મુસાફરાને વાઈફાઈ થી લઈ આધુનિક ટચ આપતી દુકાનો તેમજ અન્ય ખાણીપીણી માટે નવા સ્ટોલ સહીત જરૂરી તમામ સવલતો પુરી પાડવા માટે આયોજન થાય તેવી માંગ પણ મુસાફરોમાં ઉઠવા પામી છે. ડેપોમાં નવી યોજના માટે પર્યાપ્ત જગ્યા પણ ઉપલબ્ધ છે. જયારે નવા આયોજન થકી ડેપોને પણ તોતિંગ આવક થઈ શકે તેમ છે. આમ છતા ખિસ્સા કાતરુઓનો અડ્ડો બની ગયેલા એસ ટી ડેપોના વિકાસ તેમજ મુસાફરોને જરૂરી સુવિધા પુરી પાડવા માટે કોઈ આયોજન કરવામાં આવતુ નથી.

### હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

"શું પણ..?!"

"આ વિચાર ભલે હું એકલો વ્યક્ત કરૂ છુ પણ સાથ તો સૌનો જોઈશે ને..?! ગાંધી એક હતાં... સત્યાગ્રહીઓ સહસ્ત્ર હતા..! જયપ્રકાશ નારાયણ એક હતાં પણ સાથીઓ સેંકડો હતાં..! ઈન્દુલાલ યાજ્ઞિક એક હતાં ગુજરાત આખુ સાથે હતું..!"

"એટલે..?"

"એટલે એમ જ... તમે હું અને આપણે સાથે મળી વિચારના આંદોલનથી વાણી અને વર્તન સુધી પહોંચીએ અને પ્રસરાવીએ સ્વચ્છ રાજકારણનો સંદેશ..!! બરોબરને..?!"

"એકદમ બરાબર..."

- નિમિત્ત માત્ર

### પરિક્ષણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૦૦ કિલોમીટરની રેન્જવાળી મિસાઈલોને તૈયાર કરવામાં સક્ષમ હશે. હાલ તો, બ્રહ્મોસ મિસાઈલના હાઈપરસોનિક વર્ઝનને તૈયાર કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, જે માક પની સ્પીડથી ઉડાન ભરવામાં સક્ષમ હશે. રક્ષા મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ સપ્તાહે બંગાળની ખાડીમાં બ્રહ્મોસ મિસાઈલના હલકા વર્ઝન(૨.૪ ટન)નું પરીક્ષણ બે એન્જિનવાળા સુખોઈ ફાઈટર જેટ મારફતે કરવામાં આવશે. આ પહેલાં બ્રહ્મોસ મિસાઈલનું અસલી વર્ઝન ૨.૯ હતું.

### ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જયારે કેટલાકને ઈજા પહોંચી હતી. હુમલાને પગલે સમગ્ર વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ છવાઈ ગયો હતો. પ્રાપ્ત થતી માહિતી મુજબ, અજાણ્યા હુમલાખોરો દ્વારા આ હુમલો ત્યારે કરવામાં આવ્યો કે, જયારે વહેલી સવારે બાળકો-વિદ્યાર્થીઓ શાળામાં આવી રહ્યા હોય. આ હુમલામાં બે નિર્દોષ માસૂમ બાળકોના પણ મોત નીપજયા હતા. જેને લઈ વિદ્યાર્થીઓ અને સ્થાનિક સ્કૂલ સત્તાવાળાઓએ પણ ઘટનાની ગંભીર નોંધ લઈ અને વિદ્યાર્થીઓ તેમ જ વાલીઓમાં ફેલાયેલા ભય અને ફફડાટને જોઈ પ્રશાસન-પોલીસ તંત્ર પાસે વધુ સુરક્ષાની માંગણી કરી હતી. બાળકોના મોતની ઘટનાને લઈ સમગ્ર વિસ્તારમાં ઘેરા શોકનો માહોલ છવાયો હતો. ઉત્તર કેલિફોર્નિયા સહિત સમગ્ર અમેરિકામાં ફાયરીંગ અને હુમલાની ઘટનાની ભારે નિંદા થઈ હતી.

### પાણીઢોળ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાળવણી પાછળ વર્ષ દરમિયાન આમ પણ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. સેકટરોમાં પાંચ વર્ષ અગાઉ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. નિયત સમયના અંતે પણ માર્ગોના ગાબડા પુરવાનુ કામ શરૂ ન થતા આમ નાગરિકોમાં રોષ પ્રવર્તયો હતો. જયારે ગત ચોમાસાના અંતે માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે.

નવા સેકટરોમાં ઉબડ ખાબડ અને કંગાળ ભાસતા માર્ગો પર વરસાદી પાણીના ભરાવાના લીધે મોટામસ ખાડા જોવા મળી રહયા છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નથી જેના લીધે સેકટરોમાં ચોમાસા દરમિયાન માર્ગોનુ ધોવાણ થાય છે. સેકટરોમાં ચકાચક બનાવાયેલા માર્ગો પર ટુંકમાં જ ખાડા અસ્તિત્વમાં આવે છે. સેકટરોમાં પેવર બ્લોકની કામગીરીના અંતે આમ પણ માર્ગો નિચાણમાં ગરકાવ થઈ ગયા છે. જેના લીધે વરસાદી પાણીનો ભરાવો વિશેષ થાય તેવી સંભાવના છે. આવા સંજોગોમાં સ્ટોર્મ વોટર લાઈન પણ ન હોવાથી નિચાણમાં ગરકાવ માર્ગો પર આગામી ચોમાસામાં વરસાદી પાણી ફરી વળતા રસ્તાનુ ધોવાણ થવાની સંભાવના છે. તંત્ર દ્વારા લેવલીંગ કરીને માર્ગોનુ ધોવાણ ન થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહયા છે. પરંતુ માર્ગ સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ત્યારે વરસાદી પાણીના નિકાલની લાઈનના અભાવે સેકટરોમાં માર્ગોના ધોવાણ સહીતની અનેક સમસ્યાઓ ઉભી થઈ છે. સ્ટોર્મ વોટર લાઈનનો પ્રોજેકટ દાયકાઓના અંતે હજુ અભ્યાસુ તબક્કામાંથી બહાર આવી શકયો નથી. ત્યારે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવે સેકટરોમાં માર્ગોની સુધારણા પાછળ થતા ખર્ચ પર પાણીઢોળ થાય તેવી સંભાવના છે.

### પર્દાફાશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોત થયા હતા. આ હુમલો એક શખ્સ દ્વારા જ કરવામાં આવ્યો હતો, જેની પાસે અનેક રિવોલ્વર હતી. હુમલાને અંજામ આપવા માટે પોતે પણ મૃત્યુ પામ્યો હતો. પોલીસને શંકા છે કે આ ઓડીયોમાં સાંભળવા મળતો અવાજ આંતકી રાશિદ અબ્દુલ્લાહનો છે. વર્તમાનમાં રાશિદ ભારતના કેરળમાં રહે છે.